# આકાશવાણી ભુજ

## સમાચાર વાચક : નેહલ ઠક્કર

## કોમ્પ્યુટર રાઈઝ અમૃતા જેપાર

તારીખ : ૨૪-૧૧-૨૦૨૨ સમય : સાંજે ૦૬.૨૫ કલાકે

---

# ચુંટણી પ્રચાર

વિધાનસભાની ચુંટણીમાં રાજ્યભરમાં નેતાઓ દ્વારા ઝંઝાવાતી પ્રચાર કરવામાં આની રહ્યો છે અને સ્ટાર પ્રચારકો દ્વારા ચુંટણીસભાઓ કરવામાં આવી રહી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે બીજા દિવસે પણ ભાજપના ચુંટણી પ્રચાર માટે સભાઓ સંબોધી હતી. આજે બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે એક રેલીને સંબોધતા શ્રી મોદીએ જણાવ્યુ કે આવનારી ચુંટણીઓ આગામી ૨૫ વર્ષમાં ગુજરાતનું ભવિષ્ય નક્કી કરશે. અન્ય પક્ષોમાં  આમ આદમી પાર્ટી રોડ શો દ્વારા લોકો સુધી પહોંચી રહી છે. પાર્ટીના સ્ટાર પ્રચારક અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માન આજે મધ્ય ગુજરાતમાં પ્રચાર કરી રહ્યા છે તો કોંગ્રેસ પક્ષના ચુંટણી પ્રચારના ભાગરૂપે પંજાબ કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ અમરિન્દર સિંહ, રાજા બાર અને કોંગ્રેસના  રાષ્ટ્રીય પ્રવક્તા આલોક શર્મા આજે અમદાવાદમાં પ્રચાર કરી રહ્યા છે.

નેહલ ઠક્કર

---

# માંડવી મત વિસ્તાર

કચ્છમાં માંડવીની બેઠક માંડવી અને મુન્દ્રા વિસ્તારને આવરી લે છે. અગાઉની મુન્દ્રાની અનામત  બેઠકને માંડવી સાથે જોડી દેવામાં આવી છે.

આ બેઠક માટે આઠ ઉમેદવારો ભાગ્ય અજમાવી રહ્યા છે. જેમાં ભાજપના અનિરુદ્ધ દવે, કોંગ્રેસના  રાજેન્દ્રસિંહ જાડેજા અને આમ  આદમી પાર્ટીના કૈલાશદાન ગઢવી ઉપરાંત બહુજન સમાજ પાર્ટી , ઓલ ઇન્ડિયા મજલીસ પાર્ટી , પ્રજા વિજય પક્ષના તથા બે અપક્ષ ઉમેદવાર ઊભા રહ્યા છે.

આ વિસ્તારમાં  2 લાખ 57,359 મતદારો નોંધાયેલા છે. જેમાં 1 લાખ 31,978 પુરુષો 1 લાખ  25,380 મહિલાઓ અને અન્ય એક મતદારનો સમાવેશ થાય છે. 184 સ્થળે  287 મતદાન મથકો ઉભા કરાશે.

નેહલ ઠક્કર

---

# મતદાન- પોલીસ અધિક્ષક

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનું1લી ડિસેમ્બરે પ્રથમ તબક્કાનું મતદાન છે. લોકશાહીના આ મહા પર્વમાં તમામ મતદારો ભાગ લે અને પોતાની પવિત્ર ફરજ કોઈપણ અફવા, લોભ લાલચ કે ભય વગર અદા કરે તેવી પૂર્વ કચ્છ પોલીસ અધિક્ષક શ્રી મહેન્દ્ર બગડીયાએ અપીલ કરી હતી.

(બાઈટ : મહેન્દ્ર બગડીયા -પોલીસ અધિક્ષક- પૂર્વ કચ્છ)

નેહલ ઠક્કર

---

# પોસ્ટલ બેલેટથી મતદાન

ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફની બીજી તાલીમ સાથે પોસ્ટલ બેલેટથી મતદાનનું પણ આયોજન હાથ ધરાયું હતું પ્રથમ દિવસે અબડાસામાં 165, માંડવીમાં 247, ભુજમાં 415, અંજારમાં ૨95, ગાંધીધામમાં 181 અને રાપરમાં 177 મળી કુલ 1480 કર્મચારીઓએ પોસ્ટલ બેલેટથી મતદાન કર્યું હતું મતદાન માટે મતકુટિર સહિતની સુવિધા ઉભી કરવામાં આવી હતી. બીજા તબક્કાની તાલીમમાં કર્મચારીઓને વિવિધ માહિતી આપવામાં આવી હતી જેમાં ઈવીએમ, વીવીપેટના ઉપયોગ અને મતદાન પ્રક્રિયા અંગે તાલીમબધ્ધ કરાયા હતા.

નેહલ ઠક્કર

---

# ઓળખકાર્ડ-અન્ય દસ્તાવેજો

આગામી તા- ૧લી ડીસેમ્બરના કચ્છની ૬ વિધાન સભા બેઠકો માટે મતદાન થવાનું છે. મતદાન સમયે જે મતદારો ફોટો ઓળખકાર્ડ રજુ ન કરી શકે તો તેની અવેજીમાં અન્ય ૧૨ દસ્તાવેજો ભારતના ચુંટણી પંચ દ્વારા માન્ય કરવામાં આવ્યા છે જે દસ્તાવેજ રજુ કરી મતદાન કરી શકાશે. આ દસ્તાવેજોમાં આધારકાર્ડ, મનરેગાના જોબ કાર્ડ, ફોટોગ્રાફ સાથેની પાસબુક, હેલ્થ ઈન્સ્યોરન્સ સ્માર્ટ કાર્ડ, ડ્રાઈવિંગ લાયસન્સ, પાનકાર્ડ, ઈન્ડિયન પાસપોર્ટ, ફોટોગ્રાફ સાથેના પેન્શન ડોક્યુમેન્ટ અન્ય સરકારી ઓળપત્રો વગેરેનો સમાવેશ થાય છે.વધુમાં વિદેશમાં વસતા કચ્છના મતદારો જો મતદાર તરીકે નોંધણી થયેલી હોય તો તેઓએ મતદાન મથકે ફક્ત “અસલ પાસપોર્ટ” રજુ કરી તેમની ઓળખ પ્રસ્થાપિત કરવાની રહેશે એમ ગુજરાતના મુખ્ય નિર્વાચન અધિકારી, ગાંધીનગર દ્વારા જણાવાયુ છે

નેહલ ઠક્કર

---

## પોલીસ ચેકપોસ્ટ

**વિધાનસભાની ચૂંટણીને પગલે જીલ્લામાં૩૩ ચેકપોસ્ટ પર ૨૪ કલાક વાહનોનું ચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.** પશ્ચિમ કચ્છના પ્રવેશદ્વાર શેખપીર ચાર રસ્તા પાસે પોલીસ દ્વારા ચેકપોસ્ટ શરૂ કરીને વાહનોનું ચેકિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે આ ચેક પોઇન્ટ પર પોલીસ, જીઆરડી, હોમગાર્ડની સાથે ફોર્સના જવાનો પણ તહેનાત છે ત્યારે અત્યાર સુધીના સમયગાળામાં 1500 જેટલા વાહનો ચેક કરવામાં આવ્યા હોવાની વિગતો પ્રાપ્ત થઇ છે.

નેહલ ઠક્કર

---

## ભુજ-ચેમ્બર ઓફ કોમર્સ

ભુજ ચેમ્બર ઓફ કોમર્સમાં  યોજાયેલી એક બેઠકમાં મતદાનના દિવસે એટલે કે 1 ડિસેમ્બરના ભુજની દુકાનો સ્વૈચ્છિક બંધ રાખવા ભુજ ચેમ્બર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે. ચેમ્બરના પ્રમુખ અનિલ ગોરે વેપારી પરિવારો મતદાનના દિવસે સૌથી વધુ સંખ્યામાં મતદાન કરે અને ભુજમાં સ્વૈચ્છિક બંધ રાખવામાં આવે તેવો અનુરોધ કર્યો હતો તો કચ્છના ઉદ્યોગોના સંકલનની મુખ્ય ભૂમિકા ભજવતા સંગઠન ફોકિઆએ પણ મતદાન જાગૃતિ માટે જિલ્લા તંત્ર સાથે સંકલન સાધ્યું છે

નેહલ ઠક્કર

---